No. of Printed Pages : 4

**BGULA-135**

# B.A. GENERAL

## Term-End Examination

## December, 2021

## BGULA-135 : MODERN INDIAN LANGUAGE – GUJARATI

*Time : 3 hours* *Maximum Marks : 100*

---

*બધા સવાલો જરૂરી છે.*

---

**1.** ગુજરાતી ભાષાના વિકાસની ત્રણ ભૂમિકાની લાક્ષણિકતાઓ જણાવો. *10*

**2.** નીચેનામાંથી કોઈ *બે* નો સર્જક પરિચય કરાવો : *10*

(a) નરસિંહ મહેતા

(b) પ્રેમાનંદ

(c) ઝવેરચંદ મેઘાણી

**3.** નીચેનામાંથી કોઈ *બે* વિશે લખો : *10*

(a) મધ્યકાલીન કવિતાની વિશેષતાઓ

(b) કવિ અને નાટ્યકાર લાભશંકર ઠાકર

(c) નવલિકાનાં લક્ષણો

**4.** નીચેનામાંથી કોઈ *બે* વિશે લખો : *10*

(a) ગુજરાતીના શબ્દ ઘડતરની રીતો

(b) ગુજરાતી રૂઢિપ્રયોગ અને કહેવત વચ્ચે ભેદ

(c) સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, નિપાત અને ક્રિયાપદની વ્યાખ્યા

**5.** નીચેનામાંથી કોઈ *એક* વિશે નિબંધ લખો : *10*

(a) કોમી એકતા

(b) શિયાળાની સવાર

(c) આજનું શિક્ષણ

**6.** નીચેનામાંથી કોઈ *ત્રણ* વિશે લખો : *15*

(a) ગુજરાતી ભાષાના સ્વરો

(b) ગુજરાતી ભાષાના નાસિક્ય વ્યંજનો

(c) ગુજરાતીમાં લેખનમાં પ્રયોજાતાં લિપિચિહ્નો

(d) ગુજરાતી ભાષાના અનુગો અને નામયોગીઓ

(e) ગુજરાતીમાં લિંગ અને વચન

**7.** નીચે આપેલા ગદ્યખંડનો સારાંશ લખો. *5*

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી, તેજ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુ જુએ નહિ, મેળવવાની વસ્તુ મેળવે નહિ, તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને જ પુણ્ય માને છે. (પાછળ) તેઓ અમુક જળ અને માટીમાં જ કોઈ વિશેષ ગુણ રહેલો છે તેમ માને છે. એથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. આખા દેશમાં સાધના માર્જિત ચિત્ત શક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમતેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી જ પડશે.

– રવીન્દ્રનાથ ટાગોર

**8.** નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : *5*

(a) ગુજરાતીમાં દંત્ય વ્યંજનોની સંખ્યા કેટલી છે ? ક્યા ક્યા ?

(b) ‘કાંડાં કાપી આપવાં’ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.

(c) ‘બત્તીસપુતળીની વેદના’ના લેખકનું નામ આપો.

(d) રાવજીપટેલના કાવ્યસંચયનું નામ આપો.

(e) ‘અનુભાવન’ વિવેચનસંગ્રહ કોનો છે ?

**9.** નીચેનામાંથી કોઈ ***એક*** કૃતિપરિચય ટૂંકમાં આપો : *5*

(a) સરસ્વતીચંદ્ર (નવલકથા)

(b) વસંતવિજય (ખંડકાવ્ય)

(c) માનવીની ભવાઈ (નવલકથા)

**10.** નીચેનામાંથી કોઈ ***ચાર*** ના ઉત્તર આપો : *20*

(a) વૈષ્ણવ જનનાં લક્ષણો જણાવો

(b) 'જય ! જય ! ગરવી ગુજરાત'માં વ્યક્ત થતું ગુજરાતનું ગોરવ

(c) 'પોસ્ટ ઑફિસ' વાર્તાનો અંત

(d) 'બારણે ટકોરા' એકાંકીમાં નંદગોરાણી નો પાત્ર પરિચય

(e) 'ઘર' સાથે સંયોજાયેલાં લેખકનાં સ્મરણો

(f) અનુરાધા અને શાસ્ત્રીજી ના નારી વિશેના ખ્યાલો

(g) કરો, ગમાણ, વાચ-કાછ, મંાકો અને નેવાં શબ્દોના અર્થો આપો